સને ૨૦૨૫-૨૬

વન સંરક્ષણની યોજનાને સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

વિભાગ-૨ ચાલુ બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃFED/BGT/e-file/6/2023/2810/F
સચિવાલય, ગાંધીનગર.

# ઠ રા વ

૨. સને ૨૦૨૫-૨૬ના વન અને પર્યાવરણ વિભાગની અંદાજપત્રમાં વિભાગ-૨ હેઠળ ચાલુ બાબત માટે નીચે દર્શાવેલ યોજના માટે નીચેની વિગતે અંદાજપત્રીય જોગવાઈ થયેલ છે. જેનો ખર્ચ કરવા માટે નીચે દર્શાવેલ શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | સને ૨૦૨૪-૨૫ ની જોગવાઈ (કરોડમાં) | બજેટ સદર | |
|---|---|---|---|---|
| ૧ | વન સંરક્ષણની યોજના | ૬.૬૦ | માગણી ક્રમાંક | ૨૬ |
| | | | મુખ્યસદર | ૪૪૦૬-વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ અંગેની જોગવાઈ |
| | | | પેટા મુખ્યસદર | ૦૧-વન નિર્માણ |
| | | | ગૌણસદર | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| | | | પેટા સદર | (૩૪) વન સંરક્ષણ |

૩. આ યોજના અન્વયે કરવાની થતી કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કામગીરીની વિગતો | દર (પ્રતિ હેકટર) | હેકટર | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | વન વિસ્તારોને DGPS દ્વારા સીમાંકન અને મોજણી કરી સદર વિસ્તારોના જીઓ-રેફ્રન્સડ ડિજિટલ મેપ બનાવવાની કામગીરી | ૩૨૦.૦૦ | ૧૯૩૭૫૦ | ૬.૨૦ |
| ૨ | GIS સેલનું સુદ્રઢીકરણ અંતર્ગત વર્કિંગ પ્લાન કોડમા સૂચવેલ ત્રણ મેપના GIS મેપિંગની કામગીરી | ૫૦.૦૦ | ૮૦૦૦૦ | ૦.૪૦ |
| | કુલ | | | ૬.૬૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ ( GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે

(૧૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ૨ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે

(૧૧) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

Signature Not Verified
Signed by Kinjalba Y Jadeja
Section Officer
Date 2025.04.05 11 04 03

File No: FED/BGT/e-file/6/2023/2810/F Section
Approved By: Deputy Secretary,F Section,FED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૧૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૫. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તેમજ વિભાગના અગ્ર સચિવશ્રીની અનુક્રમે તા.૦૨/૦૪/૨૦૨૫ તેમજ તા.૦૨/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે વાય.જાડેજા)
સેકશન અધિકારી(વન)
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્યવન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(જમીન)ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વિકાસ અને વ્યવસ્થા),. અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- મુખ્ય વન સંરક્ષકશ્રી (બજેટ), અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, (વન) બ્લોક નં. ૧૧, ૧ લો માળ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, વન અને પર્યાવરણ વિભાગ.
- મુખ્યવન સરક્ષકશ્રી, પી.પી.એમ.ઇ., ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ ( બ્રાન્ચ કલેકશન )
- સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણ વિભાગ - IWDMS પર મૂકવા

Signature Not Verified
Signed by Kinjalba Y Jadeja
Section Officer
Date 2025.04.05 11:04:03

File No. FED/BGT/e-file/6/2023/2810/F Section
Approved By: Deputy Secretary,F Section,FED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*